# મ્હારો મુજરો લ્યો ને રાજ સાહિબ શાંતિ સલુણા

મ્હારો મુજરો લ્યો ને રાજ સાહિબ શાંતિ સલુણા

અચિરાજીના નંદન તોરે, દરીસન હેતે આવ્યો

સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો

મ્હારો મુજરો લ્યો ને રાજ સાહિબ શાંતિ સલુણા

દુઃખભંજન છે બિરુદ તમારું, અમને આશ તુમારી

તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હશે અમારી ?

મ્હારો મુજરો લ્યો ને રાજ સાહિબ શાંતિ સલુણા

કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે

પણ બાળક જો બોલી ન જાણે, તો કીમ વહાલો લાગે ?

મ્હારો મુજરો લ્યો ને રાજ સાહિબ શાંતિ સલુણા

મ્હારે તો તું સમરથ સાહિબ, તો કીમ ઓછું માનું

ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું?

મ્હારો મુજરો લ્યો ને રાજ સાહિબ શાંતિ સલુણા

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે

વિમલવિજય વાચકનો સેવક, "રામ" કહે શુભ ભગતે

મ્હારો મુજરો લ્યો ને રાજ સાહિબ શાંતિ સલુણા

2016-03-29 -